## @ગાંધીનગર

● શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળ દ્વારા સવારે ૯ કલાકે સે-૭, સમાજભવન ખાતે સંત શ્રી ભોજલરામ મંદિરનો ૧૬મો પાટોત્સવ યોજાશે. આ ઉપરાંત બપોરના ૩ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે ૨૮મો વિદ્યા પુરસ્કાર સમારંભ યોજાશે.

● શ્રી કૃષ્ણ ભજન મંડળ દ્વારા વૈકુંઠલાલ દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૮૭/૨, સે-૨-એ ખાતે બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થા દ્વારા સાંજે ૫.૦૦ કલાકે સે-૨૨, પંચદેવ મંદિરના યજ્ઞખંડ ખાતે માસિક સામાન્ય સભામાં સર્વેને ઉપસ્થિત રહેવા પ્રમુખ કે.બી. વ્યાસે અનુરોધ કર્યો છે.

● કષ્ટભંજન દેવ મંડળ, કિર્તીધામ વાવોલ દ્વારા સવારે ૯ કલાકે આશાબા જીતેન્દ્રસિંહ જાડેજાના નિવાસસ્થાન ૫૬, વૃંદાવન બંગ્લોઝ, રક્ષાશકિત સર્કલ પાસે-કુડાસણ ખાતે ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા મહેન્દ્ર શુકલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૧૫/૧, સે-૨ડી ખાતે લઘુરૂદ્ર યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે ગણેશજીનું પ્રાગટય તથા શિવકથા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે રમેશભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૮૪/૨, સે-૮ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● સે-૭-ડી શહેરીજન સંસ્થા અને નિવૃત્ત સરકારી અધિકારી મંડળના સંયુકત ઉપક્રમે સાંજે ૪.૦૦ કલાકે સે-૭ ચૌધરી શાળાના હોલ ખાતે વિદ્યાર્થી સન્માન તેમજ વયસ્ક વડીલોનો સન્માન કાર્યક્રમ યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભવ્ય હિંડોળા મહોત્સવ તેમજ હિમાલય દર્શનના ઉપલક્ષમાં ભાવિકોને પવિત્ર તુલસી છોડનું વિતરણ કરવામાં આવશે આ ઉપરાંત સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન ભજન કિર્તન યોજાશે.

● આર્ય સમાજ ગાંધીનગર દ્વારા સે-૨૪ ખાતે સવારે ૯ થી૧૧ કલાક દરમિયાન અથર્વવેદ પારાયણ મહાયજ્ઞ કરવામાં આવશે. ત્યારબાદ ૧૧ કલાકે ભજન ઉપદેશનો કાર્યક્રમ યોજાશે.

# શહેર આસપાસ ત્રણ અકસ્માતમાં પાંચના મોત

## રાંધેજા ફાટક પાસે રિક્ષા અને વેગનઆર ગાડી સામ સામે ટકરાતા બેનાં મૃત્યુ : પેથાપુર-મહુડી હાઈવે પર કૈલાસધામ વૃધ્ધાશ્રમથી થોડે દુર આઈ-૧૦ ગાડી ઝાડ સાથે ટકરાતા બેનાં મૃત્યુ : ચંદ્રાલા પાસે હીટ એન્ડ રનમાં એકનું મૃત્યુ : પાંચ ઘાયલ







ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર આસપાસ ગઈ સાંજથી આજે સાંજ સુધીના ૨૪ કલાકના સમયગાળામાં ત્રણ ગોઝારા માર્ગ અકસ્માતો સર્જાયા છે. આ ત્રણ અકસ્માતમાં પાંચના મૃત્યુ અને પાંચ ઘાયલ થવા પામ્યા છે. ત્રણ વિવિધ અકસ્માતોમાં રાંધેજા ફાટક પાસે રિક્ષા વેગનઆર ગાડી સામ સામે ટકરાઈ હતી તેમાં બે વ્યકિત મોતને ભેટી હતી. બીજો અકસ્માત પેથાપુર મહુડી રોડ પર કૈલાસધામ વૃધ્ધાશ્રમથી થોડ દુર આઈ-૧૦ ગાડી ઝાડ સાથે ટકરાતા બેના મૃત્યુ થયા હતા. જયારે ચંદ્રાલા પાસે અજાણ્યા વાહન ચાલકે એક બાઈક ચાલક એસઆરપી જવાનને ટકકર મારી હતી અને ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં જવાનનું મૃત્યુ થયું છે ત્રણેય ઘટના પોલીસે નોંધી ઊંડાણપૂર્વક તપાસ શરુ કરી છે.

ગાંધીનગર-રાંધેજા માર્ગ પર ગઈ સાંજે રિક્ષા લઈને મુસાફરો તથા બે મિત્રોને લઈને માણસા તરફ જઈ રહેલા રિક્ષા ડ્રાઈવરને રાંધેજા ફાટક પાસે અકસ્માત નડયો હતો. સામેથી બેફામ ગતિએ આવતી વેગનઆર ગાડીએ રિક્ષાને જબરદસ્ત ટકકર મારતા તેમાં બેસેલા ડ્રાઈવર જીતેન્દ્ર પ્રહલાદજી ઠાકોર ઉપરાંત અન્ય ચાર વ્યકિત રિક્ષા સાથે ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. પાંચેય ગંભીર રીતે ઘવાયા હતા જે પૈકી માણસાના ધોળાકુવા ગામના વિશાલ અને કીશન બે મિત્રોના કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા જયારે ત્રણ વ્યકિત ઘાયલ થયા હતા. પેથાપુર પોલીસે વેગનઆર ગાડીનો નંબર લઈ આરોપી ડ્રાઈવર સામે ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

બીજી તરફ આજે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં હિંમતનગર ખાતે રહેત અને એસઆરપી ગ્રુપ-૬માં નોકરી કરતા ૫૦ વર્ષીય હેડ કોન્સ્ટેબલ નાનાભાઈ બાબુભાઈ કટારાનું હીટ એન્ડ રનમાં ચંદ્રાલા નજીક મૃત્યુ થયું હતું. નાનાભાઈ બાઈક નં. જીજે ૯ સીજી ૮૧૨૯ લઈને ચંદ્રાલા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ નેશનલ હાઈવે નં. ૮ પર નીકળેલા અજાણ્યા વાહને બાઈકને ટકકર મારી હતી અને ત્યાંથી વાહન સાથે ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં એસઆરપી જવાનનું કરૂણ મૃત્યુ નિપજતા ચિલોડા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

સમી સાંજે પથાપુર-મહુડી રોડ પર આઈ-૧૦ ગાડી લઈને જતા બે દંપતીઓને અકસ્માત નડયો હતો. કૈલાસધામ વૃધ્ધાશ્રમથી થોડે દુર હાઈવે પર આઈ-૧૦ ગાડી ધડાકાભેર એક ઝાડ સાથે અથડાઈજતા ગાડીમાં સવાર ચારેય વ્યકિતઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે પૈકી બેના કરૂણ મોત નિપજયા હતા. ૬૪ વર્ષીય વિક્રમભાઈ ચંદુલાલ શાહ અને ૪૫ વર્ષીય પ્રતિભાબેન પટેલ બંને ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા છે જયારે આ ઘટનામાં વિજયકુમાર પટેલ અને વિમળાબેન શાહનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજતા પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી આરંભી છે. આમ ત્રણ અલગ અલગ ઘટનામાં પાંચના મૃત્યુ અને પાંચ વ્યકિતઓ ઘાયલ થયા છે.

## આજે અનુસૂચિત જાતિ દ્વારા મહાસંમેલન અને રેલી યોજાશે

થાનગઢ હત્યાકાંડ અને ઉના અત્યાચાર સંદર્ભે તા. ૨૧ ઓગષ્ટના રોજ સે-૬, સત્યાગ્રહ છાવણી ખાતે સમગ્ર ગુજરાત રાજયના અનૂસૂચિત જાતિ સમાજનું બિનરાજકીય મહાસંમેલન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. મહાસંમેલનમાં અગત્યના ઠરાવો પસાર કરી વંચિતોની વેદનાને વાચા આપી સદીઓથી કચડાયેલ પ્રજાની સામાજિક યાતનાઓ સંદર્ભે મુખ્યંમત્રીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવશે. આ ઉપરાંત થાનગઢ હત્યાકાંડના પીડિત પરિવારોને પુરતો ન્યાય અપાવવા ગુજરાત અનુસૂચિત જાતિ અત્યાચાર સંઘર્ષ સમિતિ ગાંધીનગરે પણ પરિણામલક્ષી કાર્ય કર્યું છે. આ મહા સંમેલનને સફળ બનાવવા મોટી સંખ્યામાં સમગ્ર અનુસૂચિત જાતિ સમાજને ઉપસ્થિત રહેવા મુખ્ય કન્વીનર ભરતસિંહ ચૌધરી અને કીરીટ રાઠોડ દ્વારા જણાવાયું છે.

## મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર કેળવણી મંડળ સંચાલિત મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વ નિમિત્તે 'રાખડી બનાવવાની સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય એ શાળા પરીવાર વતીથી ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

આ ઉપરાંત શાળાની વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી અને ભાઈ બહેનના પ્રેમના ગીતો ગાયા હતા. આમ રક્ષાબંધનનું પર્વ ખૂબ જ આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યું હતું.

# આજે સાઈની તિરંગા યાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આવતી કાલે સવારે ૭.૩૦ કલાકે 'સ્વતંત્રતા માટે દોડ-૨૦૧૬' અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાને ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવશે. આ તિરંગા યાત્રામાં ભારતની કબડ્ડીની નેશનલ ટીમ તથા પ્રો કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ભારતના ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત આ તિરંગા યાત્રામાં દેશના યુવાનો હોંશભેર જોડાયા હતા. ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રવિવાર તા. ૨૧મી ઓગષ્ટે સવારે ૭.૩૦ કલાકે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ તિરંગા યાત્રા સે-૧૫ ખાતેના સાઈ કોમ્પ્લેક્ષ ખાતેથી પ્રારંભ થશે જે મહાત્મા મંદિર ગ-૪ સર્કલ સુધી જઈ ત્યાંથી પરત ફરશે. તિરંગા યાત્રાને શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ ફલેગ ઓફ કરાવશે.

**કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ સુરેન્દર નાડા, સંદિપ નરવાલ તથા રાજેશ મંડલ આકર્ષણનું કેન્દ્ર બનશે : પેરા ઓલમ્પિક મેડાલિસ્ટ દેવેન્દ્ર સિંઘ પણ જોડાશે : મેયર પ્રવિણભાઈ પટેલ તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવશે**

સાઈની તિરંગા યાત્રામાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના વિવિધ રમતના ખેલાડીઓ જોડાશે. જેમાં કબડ્ડીની નેશનલ ટીમ તથા પ્રો કબડ્ડીના ખેલાડીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ખેલાડીઓમાં મુખ્યત્વે બેંગલુરુ બુલ્સના કેપ્ટન સુરેન્દર નાડા, તેલુગુ ટાઈટન્સના સંદિપ નરવાલ, પટના પાયરેટસના રાજેશ મંડલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કબડ્ડીની જુનિયર એશિયન ચેમ્પિયનશીપના ગોલ્ડ મેડાલીસ્ટ અમિત નાગર, જયોતિ, કાફી તથા સિનિયર ટીમના એશિયન ગેમ્સની સાક્ષી તથા પાયલ ચૌધરી પણ યાત્રામાં જોડાશે. પેરા ઓલ્મિપકના ભાલા ફેંકના મેડાલિસ્ટ દેવેન્દ્ર સિઘ ઉપરાંત વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં કુસ્તીમાં ગોલ્ડ મેડલ વિજેતા આમિન શરીફ અને સિલ્વર મેડલ વિજેતા જયોતિ સિસોદિયા, તાજેતરમાં થાઈલેન્ડ ખાતે જુનિયર યુથ વોલીબોલ ચેમ્પીયનશીપના મેડાલિસ્ટ કિંજલવાલા અને ચેતના તેમજ ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબોલ ચેમ્પિયનશીપની તમામ કેટેગરીની વિજેતા ટીમના ખેલાડીઓ પણ આ તિરંગા યાત્રાની શોભા વધારશે. તિરંગા યાત્રામાં સાઈ ખાતેના કબડ્ડીના કેમ્પસ નેશનલ ટીમના પુરુષ-મહિલા ખેલાડીઓ અને એસટીસીના તાલીમાર્થી ખેલાડીઓ પણ મોટી સંખ્યામાં જોડાશે.

## જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ચિલોડા હાઈસ્કૂલ પ્રથમ વિજેતા

ચિલોડા, તા.૨૦

ગાંધીનગર તાલુકાના ભાટ ખાતે જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક



ઉચ્ચતર શાળાની બહેનોએ ભાગ લઈ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ સ્પર્ધામાં શાળાના ખેલાડી બિહોલા ચાંદની, ભંગી કાજલ, ભંગી જયોતિકા, ઠાકોર મનિષા, પટેલ ભૂમિ, ઠાકોર અંજલી, ભીલ સંગીતા, દરબાર વૈશાલી, દરબાર વૈભવી, સોલંકી મિત્તલ, પંચાલ ખુશી, ધુળેટીયા પૂજા વગેરેએ રમતમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિજેતા બનતા શાળાના આચાર્ય ચીમનભાઈ પટેલ, વ્યાયામ શિક્ષક પી.જે. પટેલ તથા શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ક-૭ પાસેથી વોન્ટેડ આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા ટીમે પ્રોહીબીશનના ગુનાના વોન્ટેડ આરોપીને ક-૭ સર્કલ પાસેથી પકડી પાડયો છે. ચિલોડા પોલીસ સ્ટેશનમાં માણસા તાલુકાના સમૌ ગામના દોલત કિશોરસિંહ ચાવડા સામે ગુનો નોંધાયો હતો. નાસતા ફરતા આ આરોપીને બાતમીને આધારે પકડી પાડીને એબસ્કોન્ડર સ્કવોર્ડે આરોપી ચિલોડા પોલીસને સોંપી દીધો છે.



# રાંદેસણ પાસે ડટાઈ જવાથી શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

કેપિટલ પ્રોજેકટ હેઠળ ગુડા વિસ્તારમાં રાંદેસણની સીમમાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું છે. આશરે ૨૫ ફુટ ઊંડા આ ડ્રેનેજ લાઈનના ખાડામાં કામ કરવા ઉતરેલો એક શ્રમિક અચાનક માટી ધસી પડતા ડટાઈ જવા પામ્યો હતો. આ ઘટનામાં શ્રમિકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

ધોળેશ્વર મહાદેવ રોડથી રાંદેસણ તરફ જતા માર્ગ પર સર્જન સોસાયટી નજીક ગુડા દ્વારા કેપીટલ પ્રોજેકટ અંતર્ગત ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું છે. આશરે ૨૫ ફૂટ ઊંડા ડ્રેનેજ લાઈન માટે ખોદકામ ચાલતું હોવાથી આ કામ માટે શ્રમિકો કામ કરી રહ્યા હતા દરમિયાન અચાનક માટી ધસી પડતા ૩૮ વર્ષીય શ્રમિક રમેશ તેજાભાઈ સેંગડોડા ડટાઈ ગયો હતો. શ્રમિકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ગઈ મોડી સાંજે બનેલી ઘટના અંગે પોલીસને જાણ થતા અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.

**૨૫ ફુટ ઊંડા ખાડામાં શ્રમિક કામ કરતો હતો ને માટી ધસી પડતા ડટાઈ ગયો : કેપીટલ પ્રોજેકટ હેઠળ કામ ચાલી રહ્યું હતું**

## વાતવાતમાં

● ગાંધીનગરમાં વહેલી સવારથી જ ફરી એક વાર વાદળ છાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. બપોરના સમયે હળવા ઝાપટાના કારણે વાતાવરણમાં ઠંડક ફેલાઈ જતા છેલ્લા એક સપ્તાહથી વ્યાપેલ ગરમીમાં રાહત મળતા નગરજનોમાં પ્રસન્નતા વ્યાપી હતી.

● ગાંધીનગરથી સાબરમતી તરફ વાયા કોબા સર્કલ જતા માર્ગ પરથી પસાર થઈ રહેલા શહેરના એક બાઈક સવારે રોડ પર ઘાયલ અવસ્થામાં એક કાગડાને જોયો હતો જે પાંખમાં ઈજાને કારણે ઉડી નહોતો શકતો. આ જોઈ બાઈક સવારે તેની પાસે જઈ સંભાળીને કાગડાને તેની બાઈકની ડિકીમાં મુકી સારવાર અપાવવા લઈ ગયો હતો.

● સે-૫-બી ખાતે આગામી તા. ૨૨મી ઓગષ્ટે નાગપંચમીના પર્વ નિમિત્તે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જયગોગા યુવક મંડળ દ્વારા આયોજિત આ પાટોત્સવમાં યજ્ઞ, શોભાયાત્રા, મહાપૂજા, મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન હાથ ધરાયું છે.

● જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી, મચ્છર વગેરે પર નિંયત્રણ મેળવવા કમર કસવામાં આવી છે. હાલ શહેરના નવા સેકટરમાં પાણીની ટાંકીઓમાં દવા નાંખવાની ઝુંબેશ હાથ ધરાઈ છે.

## આજે શ્રી જલારામ સેવા સમાજનો વિદ્યા પુરસ્કાર સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૧ ઓગષ્ટ ૨૦૧૬ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે જલારામ ધામ સે-૨૯ ખાતે વિદ્યા પુરસ્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધો-૧ થી ૧૨ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના તેજસ્વી છાત્ર-છાત્રાઓની અભ્યાસ સાધનાને બિરદાવવા આમંત્રિત મહાનુભાવોના હસ્તે પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

સમારંભના મુખ્ય મહેમાન પદે સંયુકત સચિવશ્રી, શિક્ષણ વિભાગ-સચિવાલય, ગાંધીનગરના શ્રી એન.એલ. પુજારા (આઈ.એ.એસ.) તથા આર્શીવચન આનંદ આશ્રમ સરખેજના સ્વામીશ્રી સુરેશાનંદપુરી પાઠવશે તેમ પ્રમુખ-જીતેન્દ્રકુમાર સેજાણી અને મંત્રી-સેવંતીલાલ જે. ઠકકર શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર એ જણાવેલ છે.

# બીબીએના વિદ્યાર્થીઓએ સિવિલ ડિફેન્સની તાલીમ મેળવી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજના ૯૪ વિદ્યાર્થીઓએ પાંચ દિવસની સિવિલ ડિફેન્સ ટ્રેનીંગ મેળવી હતી. જેમાં કોલેજ સમય બાદ સરકારના તજજ્ઞ અધિકારી વિદ્યાર્થીઓને સિવિલ ડિફેન્સના જુદા જુદા પાસાઓ બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપતા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ તેમજ ડૉ. જયેશ તન્ના તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, દિક્ષીતભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેકટર રાઠોડ સાહેબ તેમજ વનશ્રી સંસ્થાના મહાવીર નિમાવત અને અંજના નિમાવત ઉપસ્થિત રહ્યા હતાં.

ડૉ. જયેશ તન્નાએ સિવિલ ડિફેન્સની તાલીમ લેતા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આ તાલીમ ત્યારે જ સફળ બની શકે જયારે વિદ્યાર્થીઓમાં સમાજને કૈંક આપવાની ભાવના ઉભી થાય. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમની ગંભીરતા સમજી રાષ્ટ્ર નિર્માણના કાર્ય માટે લાગી જવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

અન્ય મહાનુભાવો દ્વારા પણ વિદ્યાર્થીઓને એક જાગૃત નાગરિક બનવા માટેની પ્રેરણા આપવામાં આવી હતી. જેમાં કોઈ પણ રાષ્ટ્રીય કે પ્રાદેશિક સમસ્યા વખતે સામાન્ય નાગરિકની શું ભૂમિકા હોય છે તેમજ




તેઓ કઈ રીતે તેમના રાષ્ટ્ર પ્રત્યે ની ફરજ એક જાગૃત નાગરિક તરીકે નિભાવી શકે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુદરતી આપત્તિઓ જેવી કે પુર, દુષ્કાળ, વાવાઝોડું, ભૂકંપ જેવી પરિસ્થિતિમાં નાગરિકોનો બચાવ કઈ રીતે કરી શકાય તેમ તેમના બચાવ માટેની પ્રેકટીકલ તાલીમ પણ તેઓને તાલીમ દરમિયાન આપવામાં આવી હતી.

સમગ્ર તાલીમ પાંચ દિવસ સુધી કેમ્પસ ખાતે ચાલી હતી. જેમાં વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી ટ્રેનીંગ આપવામાં આવી હતી. તાલીમ બાદ તમામ વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ઉત્તીર્ણ થયા બાદ તાલીમ મેળવેલ તમામ વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે જે પ્રમાણપત્ર વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટે ઉપયોગી સાબિત થશે.

કોલેજ તરફથી સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. શીતલ પટેલ દ્વારા તાલીમ વર્ગનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

## વડનગરા નાગર મંડળ દ્વારા થાળ ધરાવવાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૧ ઓગષ્ટને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે હાટકેશ્વર મહાદેવ મંદિર, વડનગર ખાતે થાળ ધરાવવાનો કાર્યક્રમ યોજાશે. જેમાં વડનગરા નાગર જ્ઞાતિજનોને ભાગ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. આ અંગેની વધુ માહિતી મેળવવા ઈચ્છુકોએ મંડળના પ્રમુખ સુધીર દેસાઈના મો.નં. ૯૮૨૫૫ ૩૧૭૩૦ અને મંત્રી તરંગ હાથી મો.નં. ૯૪૨૬૬ ૨૨૩૫૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર વિહાજી સોનાજી, ઉ.વ.૭૦
- સ્વ. પરમાર ગણપતભાઈ બાલાભાઈ, ઉ.વ.૫૪
- સ્વ. રબારી કુંવરબેન ખોડાભાઈ, ઉ.વ.૭૦
- સ્વ. ઠાકોર સીતાબેન રામાજી, ઉ.વ.૭૫
- સ્વ. વાઘેલા સૂરજબા હમીરસિંહ, ઉ.વ.૭૨
- સ્વ. ઠાકોર વિક્રમજી ગલાબજી, ઉ.વ.૪૫
- સ્વ. મિસ્ત્રી રઘુનાથભાઈ ગોવિંદભાઈ, ઉ.વ.૬૦